# શહેરમાં શહીદોના સન્માનમાં સ્વયંભૂ બંધ પળાયો





ગાંધીનગર, તા. ૧૬

જમ્મુ કાશ્મીરના પુલવામામાં આતંકવાદીઓ દ્વારા ભીષણ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો અને ૪૪ જવાનો શહીદ થયા છે. સમગ્ર દેશમાં ઘેરા શોકનો માહોલ છવાઈ ગયો છે. દેશવાસીઓમાં ભારે આક્રોશ ઠેર-ઠેર જોવા મળી રહ્યો છે. દેશભરમાં વીર શહીદોને અંજલી આપવા માટે શ્રદ્ધાંજલી અને કેન્ડલ માર્ચ યોજાઈ રહી છે. આંખોમાં આતંકીઓ વિરુદ્ધ જોરદાર રોષ સાથે શરીરોમાં લાવા વહી રહ્યો છે. ક્યાંક નાગરિકોમાં જ્વાળામુખી ભભૂકી રહ્યો છે અને સરકાર તેમજ સેના આતંકીઓ સામે શહીદો બદલો લે તેવી માગ પણ ઉઠવા પામી છે. દેશભરમાં શહીદોના માનમાં આજે મોટાભાગના વેપાર-ધંધા અને બજારોમાં વેપારીઓએ બંધ પાળ્યો હતો. જોકે કેટલાક વિસ્તારોમાં લોકોએ ટોળાબંધ થઈને બંધ પળાવ્યો પણ હતો. ગાંધીનગર શહેરમાં દુકાનો, બજારો, શોપિંગ મોલ, હોટલ રેસ્ટોરન્ટ, કાપડ બજાર, સોની બજારના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળ્યો હતો. શોક વ્યક્ત કરી વેપારીઓએ ઠેર-ઠેર રેલી યોજી, કેન્ડલ માર્ચ યોજી શહેદીનો અંજલિ અર્પણ કરી હતી. ગાંધીનગર શહેરમાં પુલવામાની આતંકી ઘટનાના પગલે બજારો અને દુકાનોમાં કેટલીક જગ્યાએ વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળ્યો હતો તો ન્યૂ ગાંધીનગરના કુડાસણ જેવા વિસ્તારોમાં ટોળાએ દુકાનો બંધ કરાવીને બંધ પળાવ્યો પણ હતો. અલબત્ત મોટાભાગના વેપારીઓએ સવારથી જ દુકાનો બંધ રાખી હતી. શહેરના સેક્ટર-૭, સેક્ટર-૨૧, સેક્ટર-૨૪ અને સેક્ટર-૧૬ સહિતના વિસ્તારોમાં મોટાભાગના વેપારીઓએ બંધ પાળ્યો હતો. વેપારીઓએ શહીદોને શ્રદ્ધાંજલી આપવા માટે જુદા જુદા સ્થળે રેલી અને કેન્ડલ માર્ચ યોજી હતી. વેપારીઓએ બે મિનિટનું મૌન પણ પાળ્યું હતું.

### મીઠાઈ ફરસાણની દુકાનો પણ બંધ રહી

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે આતંકવાદીઓ દ્વારા અમાનવીય હુમલો થયાની દુખદ ઘટનાથી સમગ્ર દેશમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. તાલુકા મીઠાઈ ફરસાણ એસોસિએશન દુખની લાગણી સાથે આ કૃત્યને વખોડે છે. આજે મીઠાઈની દુકાનો પણ બંધ રહી હતી. પ્રમુખ કૌશિકભાઈ સુખડીયાના જણાવ્યા મુજબ દેશના જવાનોના બલિદાનને ધ્યાનમાં રાખીને ગાંધીનગર તાલુકા મીઠાઈ ફરસાણ એસોસિએશને ૧૬મી ફેબ્રુઆરીના રોજ મીઠાઈ-ફરસાણની તમામ દુકાનો બંધ રાખીને શોકની લાગણી વ્યક્ત કરે છે.



ચિલોડાથી અડાલજ સુધીના માર્ગને સિક્સ લેનમાં ફેરવવામાં આવી રહ્યો છે. જો કે અહીં વિકાસના નામે વૃક્ષોનું આડેધડ નિકંદન કાઢવામાં આવતાં પ્રકૃતિપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રકૃતિપ્રેમીઓ વૃક્ષોને બચાવવા માટે દેખાવો કરી રહ્યા છે.

## સચિવાલય સંકુલ ખાતે કર્મચારીઓને સ્વાઈન ફ્લુથી રક્ષક ઉકાળાનું વિતરણ



સચિવાલય ખાતે કર્મચારીઓ માટે સ્વાઈન ફ્લુ જેવા વાયરસ સામે પ્રતિરોધક આયુર્વેદ ઉકાળો ''અમૃત પેય'' પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સચિવાલય સંકુલ સ્થિત આયુર્વેદ દવાખાનાના ડૉ. રાકેશભાઈ ભટ્ટ દ્વારા સેવા આપવામાં આવી હતી. આ કેમ્પમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ લાભ લીધો હતો.

### આજે નાણાવટી સ્કુલનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સે-૬ખાતે કાર્યરત નાણાવટી પ્રિ એન્ડ પ્રાઈમરી સ્કુલ (ઈંગ્લીશ મિડિયમ)નો વાર્ષિકોત્સવ તા. ૧૭ ફેબ્રુઆરી રવિવારના રોજ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાશે

કાર્યક્રમમાં કે.જી.થી લઈ ધોરણઃ૮ સુધીના લગભગ ૨૯૨ બાળ કલાકારો ભાગ લઈ ફેન્સી ડ્રેસ નૃત્યો, નાટક તથા ફેશન શૉની પ્રસ્તુતી કરશે. ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, મનપાના મેયર ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સે-૬ના કોર્પોરેટર્સ તથા ગાંધીનગરના જિલ્લા શિક્ષણાધિકારી ભરતસિંહ દીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુકશે. મહાનુભાવોના હસ્તે બાળકોને વર્ષ દરમિયાન તેમણે મેળવેલ સિદ્ધિઓ બદલ મેડલ્સ આપી બિરદાવવામાં આવશે.

### આજે શિવશકિત મંદિરનો પાટોત્સવ

ગાંધીનગર, તા.૧૬

શિવશકિત મંદિરના ૧૭મા પાટોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન શિવશકિત સેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે. શિવશકિત મંદિર ૩ ન્યુ ખાતે તા. ૧૭મીએ રવિવારે બપોરે ૧.૩૦ કલાકે પાટોત્સવ યજ્ઞ પ્રારંભ થશે. પૂર્ણાહુતી ૫.૦૦ કલાકે તથા શ્રી અંબાજી માતાજી, શ્રી મહાકાલેશ્વર મહાદેવને ધ્વજારોહણ કરવામાં આવશે. રાત્રે ૯ કલાકે ભજન-સંતવાણી કાર્યક્રમમાં ખ્યાતનામ લોકગાયક લાલસિંહ બાપુ (વિજાપુર) તથા સુરદાસજી ભજનો તથા સત્સંગ વ્યાખ્યાનનું રસપાન કરાવશે. સે-૩ ન્યુના વસાહતી ભાઈ-બહેનો તથા ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને કાર્યક્રમમાં પધારવા ભાવભીનું આમત્રણ પાઠવવામાં આવ્યું છે. આ ઉપરાંત પુલવામામાં શહીદ થયેલા ભારતના વીર શહીદોને શ્રધ્ધાંજલિ રાત્રે ૯.૩૦ કલાકે અર્પણ કરવામાં આવશે.

### આજે 'પાંપણ વચ્ચે' ગઝલ સંગ્રહનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના પ્રસિદ્ધ ગઝલકાર કિશોર જીકાદરા દ્વારા લિખિત 'પાંપણ વચ્ચે' ગઝલ સંગ્રહનું વિમોચન વરિષ્ઠ સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠકના અધ્યક્ષપદે તેમજ પ્રસિદ્ધ સાહિત્યકાર હર્ષદ ત્રિવેદીના વરદહસ્તે વિમોચન તા. ૧૭મી ફેબ્રુઆરી, રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે સે. ૧૨ના ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે યોજાશે.

### સૌરાષ્ટ્ર કચ્છ સમાજ દ્વારા નાટક

ગાંધીનગર, તા.૧૬

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ૧૭ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૯ વાગ્યે ટાઉનહોલ સે-૧૭ ખાતે કોમેડી નાટક 'પત્ની મારી પરમેશ્વર ને હું પત્નીનો દાસ'નું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા સભ્યોને નાટક માણવા હાજરી આપવા અને નવું સભ્યપદ મેળવવા ભૂપેન્દ્ર ગજ્જરનો સંપર્ક કરવા જણાવાયું છે.



ગાંધીનગરના સેક્ટર-૨૫ ખાતેની સમર્પણ હોસ્ટેલમાં પુલવામામાં આતંકી હુમલામાં વિરગતિ પામેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

### મ્યુનિ. કાઉન્સિલર્સ દ્વારા સીઆરપીએફ ફંડમાં સહાયની જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કાઉન્સિલર અંકિત બારોટ દ્વારા પોતાનું ફેબ્રુઆરી માસનું વેતન સીઆરપીએફ ફંડમાં આર્થિક સહાય રૂપે આપવા માટે મ્યુનિસિપલ કમિશનરને વિનંતી કરી છે. જ્યારે વોર્ડ નં. ૩ના કાઉન્સિલર રીટાબેન કેતનભાઈ પટેલે પણ આ જ પ્રકારની જાહેરાત કરી છે.

### સંવિધાન બચાવો કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા. ૧૬

દેશના સૈનિકોના દુઃખદ અવસાનના કારણોસર તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ ગલુદણ ખાતે યોજાનાર સંવિધાન બચાવો મહાસભાનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે.

## સરકારી આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા સ્વાઈન ફ્લુથી રક્ષક ઉકાળાનું વિતરણ



ગાંધીનગરની સેક્ટર-૨૨ સ્થિત સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા શુક્રવારે સેક્ટર-૧૩ અને ફતેપુરા ખાતે સ્વાઈન ફ્લુ વિરોધી આયુર્વેદિક ઉકાળાના વિતરણનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં વસાહતીઓ ઉપરાંત ફતેપુરાના પ્રાથમિક શાળાના બાળકો મળીને કુલ ૮૨૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. કેમ્પમાં ડૉ. જયેશભાઈ પટેલ સહિત સ્ટાફે સેવાઓ આપી હતી.

## ભારતીય મૂલ્યોની જાળવણીની થીમ અંતર્ગત શાળા વાર્ષિકોત્સવ




ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે બી પ્રાથમિક શાળા દ્વારા વાર્ષિકોત્સવ તથા તેજસ્વી તારલા પુરસ્કાર અર્પણ સમારોહ યોજાયો હતો. શાળાના ૪૧ તેજસ્વી વિદ્યાર્થીઓને પૂ. દાસકાકા, દિવાળીબા સ્મૃતિ પારિતોષિક તથા માણેકલાલ પટેલ મેમોરિયલ સ્કોલરશીપનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે રાષ્ટ્રકક્ષાની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પણ પુરસ્કાર અર્પણ કરાયા હતા. ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ દ્વારા સત્ય, પ્રેમ, પ્રામાણિકતા, ઉદારતા, સંવેદનશીલતા જેવા ભાવ વ્યક્ત કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન આચાર્ય નીવાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખ કનુભાઈ પટેલ, શાળાના પૂર્વ વિદ્યાર્થી અને ડીવાયએસપી ચિરાગભાઈ પટેલ તથા ગાંધીનગર જિલ્લા શિક્ષણ નિરીક્ષક ભરતદાન ગઢવી, સંસ્થાના હોદ્દેદારો, વાલીઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.